RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૯૫ તા.૧૯–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી કૌશિક નરેશભાઈ રાણા
સામાવાળા :– ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (માર્કેટ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કૌશિક નરેશભાઈ રાણાની તા. ૦૪–૦૨–૧૨ની અરજીથી PCA ACT–૧૯૬૦ હેઠળ નસબંધી અને રસીકરણ કાર્યક્રમ અંતર્ગત મુદ્દા નં.(૧) સુરત શહેરમાં સ્ટ્રીટ ડોગ્ઝની વસ્તી કેટલી ? ઝોન પ્રમાણેની માહિતી આપવી (૨) SMC કરેલ ઠરાવ મુજબ સ્ટ્રીટ ડોગની નસબંધી અને રસીકરણનો કાર્યક્રમ અમલમાં મુકેલ છે તે અંતર્ગત PCA ACT–૧૯૬૦ હેઠળ ગેજેટમાં પ્રસિધ્ધ થયેલ નિયમ મુજબ આ કાર્યક્રમ માટે સ્થાનિક કમિટીની રચના કરી છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૫/૨૦૧૧–૧૨

શ્રી કૌશિક નરેશભાઈ રાણાની તા. ૦૪–૦૨–૧૨ની અરજીથી PCA ACT–૧૯૬૦ હેઠળ નસબંધી અને રસીકરણ કાર્યક્રમ અંતર્ગત મુદ્દા નં.(૧) સુરત શહેરમાં સ્ટ્રીટ ડોગ્ઝની વસ્તી કેટલી ? ઝોન પ્રમાણેની માહિતી આપવી (૨) SMC કરેલ ઠરાવ મુજબ સ્ટ્રીટ ડોગની નસબંધી અને રસીકરણનો કાર્યક્રમ અમલમાં મુકેલ છે તે અંતર્ગત PCA ACT–૧૯૬૦ હેઠળ ગેજેટમાં પ્રસિધ્ધ થયેલ નિયમ મુજબ આ કાર્યક્રમ માટે સ્થાનિક કમિટીની રચના કરી છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૭૪ તા. ૨૩–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગ તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય, તો તેવા કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી માર્કેટ સુપ્રિ. તરફથી પત્ર નં.જા.નં.પીએચડી/માર્કેટ/૧૩૩૨ તા. ૨૮–૩–૧૨થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૨૨૭૦ તા. ૬–૨–૧૨થી નિયત સમય અવધિમાં આરોગ્ય અધિકારીશ્રી આરોગ્ય વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં. જા.નં.પીએચડી/માર્કેટ/ ૧૨૮૬ તા. ૧૭–૩–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૪–૦૨–૧૨ની અરજીથી PCA ACT–૧૯૬૦ હેઠળ નસબંધી અને રસીકરણ કાર્યક્રમ અંતર્ગત મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી માંગતી અરજી મ્યુ.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને સંબોધતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૨૨૭૦ તા. ૬–૨–૧૨થી નિયત સમય અવધિમાં આરોગ્ય અધિકારીશ્રી આરોગ્ય વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેની અરજીના મુદ્દા નં.(૧) સુરત શહેરમાં સ્ટ્રીટ ડોગ્ઝની વસ્તી કેટલી ? ઝોન પ્રમાણેની માહિતી આપવી. (૨) SMC કરેલ ઠરાવ મુજબ સ્ટ્રીટ ડોગની નસબંધી અને રસીકરણનો કાર્યક્રમ અમલમાં મુકેલ છે તે અંતર્ગત PCA ACT–૧૯૬૦ હેઠળ ગેજેટમાં પ્રસિધ્ધ થયેલ નિયમ મુજબ આ કાર્યક્રમ માટે સ્થાનિક કમિટીની રચના કરી છે ? (૩) જો સ્થાનિક કમિટીની રચના કરી હોય તો તેના પ્રતિનિધીઓના નામ, સરનામું, કયા ખાતાનો પ્રતિનિધી છે ? કઈ સંસ્થાનો પ્રતિનિધી છે ? મોબાઈલ નંબર/ સંપર્ક નંબરો સાથે માહિતી આપવી. (૪) જો સ્થાનિક કમિટીની રચના ના કરી હોય તો કયારે કરવામાં આવશે ? તેનો સમયગાળો ? (૫) જદ આ કાર્યક્રમનો કોન્ટ્રાકટ અપાયેલ હોય તો તે એજન્સીનું નામ–સરનામું–સંચાલકનું નામ–સરનામું/

સંપર્ક નંબરોની માહિતી આપવી.(૬) સુરત શહેરમાં સ્ટ્રીટ ડોગ્ઝની વસ્તી ગણતરી થઈ છે ? થઈ છે તો કયારે થઈ ? સમયગાળો ? નથી થઈ તો કયારે કરવામાં આવશે. ? સમયગાળો ? ઉપર મુજબની માહિતી આપવી. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ માહિતી ન મળતાં અરજદારે તા. ૧૯–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. તે દરમ્યાન અરજદારને જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી પત્ર નં. જા.નં.પીએચડી/માર્કેટ/ ૧૨૮૬ તા. ૧૭–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. જયારે મુદ્દા નં. ૫ માં " આ પ્રોગ્રામને કાર્યાન્વિત કરવા એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, રજીસ્ટર્ડ સંસ્થા નામે એનીમલ પ્રોટેકશન કલબ, કરાડ, તા. કરાડ, જી.સતારા, મહારાષ્ટ્રને વર્ક ઓર્ડર આપેલ છે. " તેવું જણાવેલ તથા મુદ્દા નં. ૬ કચેરીને લાગુ પડતું નથી. તેવું જણાવેલ. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૧થી ૬ની માહિતી પુરી પાડવામાં આવેલ. અરજદારને અપીલ તબક્કે માહિતી મળે અથવા તે બાદ નારાજગી બાબતે તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ પરંતુ અરજદાર તરફથી અપીલ તબક્કે પૂરક વિગતો મળેલ નથી તથા તેમ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૯–૩–૧૨ ધ્યાને લેતાં ૧૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૪–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–માર્કેટ વિભાગ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કૌશિક નરેશભાઈ રાણા,